**ફોજદારી કેસ નં. <u>૧૦૮૫૬૨/૨૦૨૧</u>**

**–:: આંક–૧ લગત હુકમ ::–**

આ કેસની હકીકતો વંચાણે લેતા આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ –૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબના ગુન્હાનુ ચાર્જસીટ કરવામા આવેલ છે.આ કેસમા ફરીયાદીની ફરીયાદ તથા તપાસના કાગળો વંચાણે લેતા એ જણાઈ છે કે આરોપી વિરૂધ્ધ ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧)(૩) તથા મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા નથી. આથી આરોપીની ધી બોમ્બે પ્રોહોબીશન એકટની કલમ–૮૫(૧)(૩) મુજબના ગુન્હામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

તારીખ:–૧૧/૦૨/૨૦૨૩
સ્થળ:–અમદાવાદ

**(કુ.સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૦,અમદાવાદ
(કોડ જીજે–૦૧૧૨૩)

| એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૨૦ માં, અમદાવાદ. | | |
|---|---|---|
| | ફોજદારી કેસ નંબરઃ– ૧૦૮૫૬૨ | વર્ષઃ–૨૦૨૧ |

**:: હુકમ ::**

(૧) આજ રોજ કેસનું રેકર્ડ વંચાણે લેતાં, આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) અને ૮૫(૧)(૩) મુજબના ગુન્હાઓ અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. હાલના કામે આંક–૧ લગત અગાઉ આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧)(૩) મુજબના ગુનામાં બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવા માં આવેલ છે અને હાલના આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબની ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ રીતે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૨) હાલના કેસનું રેકર્ડ જોતાં, હાલના આરોપી સામે કરેલ સમન્સ ધ્યાને લેતાં, આરોપી સમન્સમાં જણાવેલ સરનામે મળી આવેલ નથી તથા આસપાસના લોકોને પુછતા આરોપી કયાં રહેવા ગયેલ છે તે બાબતે કોઈ માહિતી મળેલ નથી. આમ, આરોપી નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ નથી. આ કામે શ્રી સરકાર તરફે વિધ્વાન એપીપીશ્રી ધ્વારા એવી રજુઆત કરેલ છે કે, સમગ્ર ચાર્જશીટ તથા કેસ પેપર્સ ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી છે.

(૩) આ તબકકે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ વંચાણે લેતાં, ફરીયાદ ઉપરથી દાખલ થયેલ હોય, તે સિવાયના કોઈ સમન્સ કેસમાં મેજીસ્ટ્રેટને, ચુકાદો ઘોષિત કર્યા સિવાય કારણો નોંધીને, કોઈપણ તબકકે, કાર્યવાહી બંધ રાખી શકશે તેવી સત્તા મળેલ છે. વિશેષમાં, જો મુખ્ય સાહેદનો પુરાવો નોંધાયેલ હોય અને આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય તો, નિર્દોષ ઠરાવી મુકત કરશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મુકવામાં આવશે અને તેની અસર બિનતહોમત મુકત કરવામાં આવેલ હોય, તેવી થશે. આમ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ મુજબ હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી બંધ કરી તેમજ આરોપી વિરૂધ્ધ મુખ્ય સાહેદોનો પુરાવો નોંધવામાં આવેલ ન હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

આથી, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ પ્રમાણે મળેલ સત્તાની રૂએ બંધ કરી, આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) ના શિક્ષાપાત્ર ગુન્હામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૧મી,માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

તારીખ :–૧૧/૦૨/૨૦૨૩
સ્થળ :–અમદાવાદ.

**(કુ. સ્મિતાબહેન પ્રકાશચંદ્ર પટેલ)**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૦, અમદાવાદ.
(કોડ જીજે–૦૧૧૨૩)